# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/પર/ક્વા-૧/૧૯-૨૦/૫૬૪૪** **તા.૨૭–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૨/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **વાલજીભાઇ જીવાભાઇ શીંગાળા** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર વાલજીભાઇ જીવાભાઇ શીંગાળા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રૂધાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૬–૦૭–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા બન્ને પક્ષકારો હાજર રહેલ હતા. જેમા ફોરમ કમિટી ની સુચના મુજબ – પીજીવીસીએલપક્ષકાર ને સદર કેઈસ ને સબંધિત આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ, જે અનુસંધાને – સદર કેઈસ ની સુનાવણી તા. ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમા ઉપર મુજબ પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

2.0 Applicant has represented that Electric consumption bill for the month of Mar-APR 19 shown credit amount of Rs. 444.55. The rate of net export of energy generated from roof top solar power system is Rs. 2.44 where as in previous bill for the month of JAN-FEB 19 it is Rs. 3.24, the difference in rate being Rs. 0.80.

2.1 As per Solar Roof Top agreement refer Para 7 (A) (II) of the agreement in which it is clearly stated that the rates are to be determined by the Commission in the year In which the Roof Top Solar PV system in commissioned over the life of the system i.e. 25 years.

2.2 Therefore, it is my right to know as to how and why changed the rates in the billing system reducing the rate by Rs 0.80 without any intimation to the consumer. This tantamount to commitment of breach of contract liable to be sued under the provisions of consumer protection act 1986. It is therefore, requested to furnish me with the full information and the name of authority and copy of its order under whose instruction you have changed the rate of electricity generated by solar power system. So, Applicant has requested to Forum, to resolve the grievance.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર ની લેખિત રજૂઆત મુજબ સોલાર રૂફટોપ લેવામાં આવેલ હોય જેમાં સદર ગ્રાહક સાથે કરેલ એગ્રીમેન્ટ મુજબ યુનિટની રકમ જમા આપવા જણાવવામાં આવેલ. ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે કંપનીના સર્ક્યુલર નંબર/જી.યુ.વી.એન.એલ./૧૨૯૮ તા-૨૮.૧૨.૨૦૧૮ મુજબ – સોલાર રેઇટ સપ્ટે-૨૦૧૭ થી માર્ચ-૨૦૧૮ મુજબ ૨.૪૪ ચૂકવવા પાત્ર થાય છે. સદર બાબતે અરજદાર ને પેટા વિભાગીય કચેરી પ્રદ્યુમનનગર ના પત્ર નં.– ૨૧૯૧ તા.૨૭–૦૬–૧૯ થી વિગતવાર સરક્યુલર સાથે જાણકારી અપાયેલ છે.

3.૧ પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨ ના પત્ર તા. ૦૮-૦૮-૧૯ મુજબ - પ્રનગર સબ ડિવિઝનના ગ્રાહક શ્રી વાલજીભાઇ જીવાભાઇ શીંગાળા કનેક્શન નંબર ૩૧૩૦૭/૦૦૭૩૩/૩ જેમાં ૨kw સોલારની માંગણી હતી તે મુજબ રિલિઝ કરવામાં આવેલ છે એટલે કે ગ્રાહક દ્વારા લગાડેલ સોલાર આ તારીખ થી ગ્રીડમાં જોડાણ કરેલ છે.આ સોલાર લગાડવા માટે જરૂરી અંદાજ પત્ર ગ્રાહકશ્રીને પ્રદુમનનગર સબ ડીવીઝન દ્વારા પત્ર નંબર ૧૩૪૦ ૧૬.૩.૨૦૧૮થી પાઠવવામા આવેલ. તેઓશ્રી દ્વારા આ રકમ ૧૭.૩.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે.

પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ પત્ર નંબર પીજી /ડીએસએમ /એસઆરટી/ ૧૮૨/ તા.૧૬ા૧ા૨૦૧૮ મુજબ ગ્રાહકશ્રી સાથે જે એગ્રીમેન્ટ કરવાનું છે તેના સુધારામાં જે ગ્રીડમાં વીજ યુનિટ ગ્રાહક શ્રી દ્વારા સોલાર રુપટોપ દ્વારા યુનિટ રેટ રૂપિયા ૨.૬૫ પર યુનિટ આપવાનું સૂચવેલ છે. જે પત્ર રજૂ કરેલ છે પરંતુ ગુજરાત ઉર્જાવિકાસ નિગમ લિમિટેડ દ્વારા તેમના પત્રનંબર GUVNL /COM/RE/1298 તા.૨૮.૨.૨૦૧૮ મુજબ ઓક્ટો ૧૭થી માર્ચ ૨૦૧૮ સુધીમાંઆ રેટ ૨.૪૪ પૈસા લેખે ગ્રાહકશ્રીને ચૂકવવાપાત્ર થતો હોય જે અનુસાર હવે પછીના બિલમાં આ સરક્યુલર મુજબ ચુક્વવામાં આવે છે.

3.2 PGVCL has submitted copy of petition number 1770 / 2018 dated 27/11/ 2018 filed petition before GERC. This petition is filed by petitioner Kailashben Kiritkumar Shah village – Vadgam, Ta. Dasada, District - Surendranagar v/s PGVCL ( Respondent -1 ), GUVNL (Respondent 2 ) , GEDA (Respondent 3).

## :: હુકમ ::

4.0 અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

4.1 From available records, Forum committee has observed that one petition number 1770 / 2018 dated 27 November 2018 is filed before GERC “In the matter of petition under section 129 off the electricity act 2003 read with regulation 62 (b) of GERC (conduct of business) Regulation 2004 for seeking order through appropriate directions for securing compliances by the licensee which has contravened certain provisions contained in notification number 05 / 2016 GERC ( Net-metering Rooftop Solar PV Grid Interactive Systems) Regulation 2016 and that the net export of energy by the consumer to distribution grid during billing cycle, distribution licensee shall purchase surplus power, after giving set off against consumption during the billing period, at the APPC determined by the commission for the year in which the Rooftop Solar PV System is Commissioned over the life of the system and the other related issues.”

4.2 According to GERC (CGRF and Ombudsman) Regulation 2011 notification number 2 of 2011, there are following limitations / preconditions for submission of grievances before CGRF. As per GERC Regulation 2011 notification number 2 of 2011, clause 2.30 (i) " A complainant shall not be entitled to approach the forum in case where proceedings in respect of the same matter and between the same complainant and licensee are pending before any Court, tribunal, arbitrator or any other authority or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority"

4.3 As per above Para no. 4.2, appeal of appellant - is hereby dismissed.

4.4 The complaint is disposed of.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |